ક્રમાંક:રાપબો/ડી.એલ.એડ/પ્રથમ વર્ષ /પરિણામ/૨૦૨૬/ ૬૭૪૪ - ૬૯૨૩

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે
સેકટર-૨૧ ,ગાંધીનગર
તા:૨૯/૦૭/૨૦૨૬

જાહેરનામું:

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ડી.એલ.એડ. અભ્યાસક્રમની પરીક્ષા અંગેનું જાહેરનામું તા:૦૫/૦૨/૨૦૨૬ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૨૬/૨૨૯-૨૯૩ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જે અનુસાર ડી.એલ.એડ. પરીક્ષા તા:૨૫/૦૫/૨૦૨૬ થી તા:૦૫/૦૬/૨૦૨૬ દરમિયાન યોજવામાં આવેલ હતી.

ડી.એલ.એડ. પ્રથમવર્ષ પરીક્ષાનું પરિણામ આજ રોજ તા:૨૯/૦૭/૨૦૨૬ એ નીચે મુજબની વિગતે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયમિત | પુનરાવર્તિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નોંધાયેલ તાલીમાર્થી | ૧૩૩૯૫ | ૫૦૪ | ૧૩૮૯૯ |
| ૨ | ગેરહાજર તાલીમાર્થી | ૮૪ | ૫૨ | ૧૩૬ |
| ૩ | હાજર તાલીમાર્થી | ૧૩૩૧૧ | ૪૫૨ | ૧૩૭૬૩ |
| ૪ | નાપાસ થયેલ તાલીમાર્થી | ૪૧૦ | ૩૩ | ૪૪૩ |
| ૫ | પાસ થયેલ તાલીમાર્થી | ૧૨૪૯૭ | ૧૯૫ | ૧૨૬૯૨ |
| ૬ | એ.ટી.કે.ટી. | ૪૦૪ | ૨૨૪ | ૬૨૮ |
| ૭ | પરિણામની ટકાવારી | ૯૩.૩ | ૩૮.૬૯ | ૯૧.૩૨ |

ડી.એલ.એડ. પરીક્ષાના પરીણામ અન્વયે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- આ સાથે સામેલ નિયત ફોર્મમાં વિદ્યાર્થીએ ગુણ ચકાસણીનુ ફોર્મ ભરી ગુણ ચકાસણી ફી (વિષય દીઠ રૂ. ૧૦૦/- અંકે રૂપિયા એકસો પુરા) પોતાની સંસ્થામાં આચાર્યશ્રીને જમા કરાવવાની રહેશે.
- તા:૦૮/૦૮/૨૦૨૬ સુધીમાં સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થાના વિદ્યાર્થીનાં ગુણ ચકાસણીનુ ફોર્મ અને ફી રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.તા:૦૮/૦૮/૨૦૨૬ બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

(પ્રકાશ કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારું,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગતસચિવશ્રી, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીનાઅંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી(પ્રા. અને મા. શિક્ષણ) નાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
- આચાર્યશ્રી,ડી.એલ.એડ. કોલેજ(તમામ)